# વરાછા કાપોદ્રા ચાર રસ્તા શ્રધ્ધા કોમ્પ્લેક્ષ ખાતે નાણા ધીરધારનો ધંધો કરતા વેપારીને દેશી તમંચો બતાવી લુંટ કરવાની કોશીષ કરનાર ૪ આરોપીઓને ૧ દેશી તમંચો તથા ૮ જીવતા કારતુસ તથા ગન પાવડર તથા ચોરી કરેલ પલ્સર મો.સા. સાથે પકડી પાડી, ગુનાનો ભેદ ઉકેલતી વરાછા પોલીસ ટીમ, સુરત શહેર ''

ગઇ તા. ૨૯/૦૯/૨૦૨૨ ના રોજ ફરીયાદીશ્રી રાજેશભાઇ જયંતીલાલ ખત્રી ઉ.વ. ૬૧ રહે. બી-૧૦૧. પદમાવતી આવાસ, લેક ગાર્ડનની બાજુમાં કતારગામ સુરત નાઓએ ફરીયાદ આપેલ કે તેઓ વરાછા કાપોદ્રા ચાર રસ્તા શ્રધ્ધા કોમ્પલેક્ષ ચામુંડા હોટલની ઉપર પહેલા માળે દુકાન નં. એફ/૧૨ એસ.કે. ચોકસી નામની ધીરધારની ઓફિસમાં છેલ્લા ચારેક વર્ષથી નોકરી કરતા હોઇ ગઇ તા.૨૭/૦૯/૨૦૨૨ ના રોજ રાબેતા મુજબ એસ.કે.ચોકસી નામની દુકાન ઉપર આવી દુકાન ખોલેલ અને દુકાનમાં ટેબલના ડ્રોવરમાં દરરોજની જેમ એક લાખ રૂપિયા પડેલ હોઇ આશરે સાડા નવેક વાગ્યે શેઠ શૈલેષભાઇનાઓ આવેલ અને સાડા બારેક વાગ્યે જમવા ગયેલ દરમ્યાન આશરે એક સવા એક વાગ્યે ઓફિસમાં ત્રણ અજાણ્યા ઇસમો આવેલ જેમાંથી એક માણસના ખભા ઉપર લાલ ભુરા કલરની સ્કુલ બેગ ભેરવેલી હતી અને હિન્દીમાં ભાષામાં વાત કરી એક વ્યકિતએ ચાંદીની વીંટી બતાવી હિન્દીમાં પુછેલ કે યે ચાંદી કી વીંટી મેરે કો બેચને કી હે તેમ કહેતા વીંટી વેચાણથી લેવાની ના પાડતા વીંટી બતાવી વ્યાજે રૂપિયા લેવાની વાત કરતા ફરીયાદીશ્રીએ ચાંદીની વસ્તુ ઉપર વ્યાજે રૂપિયા આપતા ન હોવાનુ જણાવતા આ ત્રણેય ઇસમોની હરકત ઉપર શંકા જતા તેઓને બહાર ચાલી જવાનુ કહેતા ઓફિસનો દરવાજો બંધ કરી ફરીયાદીની નીચે પાડી દઇ એક માણસ ઉપર બેસી ગયેલ અને મોઢું દબાવવાની કોશીશ કરતા બીજા માણસે પગ પકડી રાખેલ ત્રીજા માણસે ફરીયાદીના મોંઢા પાસે બેગમાંથી એક પીસ્તોલ કાઢી મોંઢા ઉપર તાકવા લાગેલ ફરીયાદીએ હરકત હલચલ કરતા આ ઇસમોના હાથમાંથી હાથ પગ છોડાવી લઇ બુમાબુમ કરતા આ ત્રણેય અજાણ્યા ઇસમો ભાગી ગયેલ હોઇ વિગેરે મતલબની ફરીયાદ વરાછા પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ હોય.

જે અન્વયે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી તથા સર્વેલન્સ પો.સ.ઇ. હકિકત મળેલ કે, ''અશ્વીનીકુમાર ઝુપડપટ્ટી બ્રીજ નીચે એક પલ્સર મો.સા. GJ-05-PJ-2128 ઉપર બે ઇસમ બેસેલ છે અને બીજા બે ઇસમો ત્યાં તેની પાસે ઉભેલ છે અને તેઓ પાસે તમંચા જેવી કોઇ વસ્તુ છે અને કોઇ મોટી ચોરી કરવાની વાતચીત કરી રહેલ છે '' તેવી હકિકત આધારે વરાછા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફ પંચો સાથે જગ્યા ઉપર જઇ (૧) અમન સુનેરીલાલ ખટીક ઉ.વ.૨૪ ધંધો-હીરા મજુરી (૨) વિજય પ્રભુદયાલ ખટીક ઉ.વ.૨૩ ધંધો-હીરા મજુરી (૩) રમણ સુનેરીલાલ ખટીક ઉ.વ.૨૦ ધંધો-હીરા મજુરી (૪) ભરત રાજેન્દ્ર ખટીક ઉ.વ.૨૨ ધંધો-હીરા મજુરી તમામ રહે- રામકૃષ્ણ કોલોની ભરવાડ ફળીયુ, મુન્નાભાઈ હનુભાઈ મીર (ભરવાડ) ના મકાનમાં ત્રીજા માળે, કાપોદ્રા, સુરત શહેર મુળવતન મુરૈના મધ્યપ્રદેશ નાઓને (૧) દેશી હાથ બનાવટનો તમંચો નંગ- ૧ (૧) કાર્ટીઝ નંગ- ૮ (૩) ગન પાઉડર આશરે દોઢ કિલો (૪) રમકડાની ગેસવાળી પિસ્તોલ નંગ-૨ (૫) બેગ-૧ (૬) મોબાઇલ નંગ-૪ (૭) પલ્સર મો.સા.નં.GJ-05-PJ-2128 નંગ-૧ કુલ્લે કિંમત રૂ.૯૮,૯૦૦/-ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી પાડી વરાછા પો.સ્ટે. ફરીયાદ નં. ૧૧૨૧૦૦૬૦૨૨૨૨૮૮/૨૦૨૨ ધ આર્મ્સ એકટ કલમ ૨૫(૧)એ,૨૫(૧-બી)(એ),૨૭(૧),(૨) તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબથી ગુનો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

સદરી પકડાયેલ તમામ આરોપીઓની દેશી હાથ બનાવટના તમંચા તથા જીવતા કાર્ટીઝ તથા ગન પાઉડર બાબતે સખ્તાઇથી પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે, બે દિવસ પહેલા કાપોદ્રા ચાર રસ્તા શ્રધ્ધા કોમ્પલેક્ષ એસ.એસ.કે. ચોકસીના નામથી નાંણા ધીરધારનો ધંધો કરતા વેપારીને ત્યાં લુંટ કરવાના ઇરાદે આરોપી રમણ સુનેરીલાલ ખટીક તથા વિજય પ્રભુદયાલ ખટીક તથા પકડવાનો બાકી આરોપી અકિંત જાટવ રહે. મુરેના મધ્યપ્રદેશનાઓ ગયેલ અને અમન સુનેરીલાલ ખટીક તથા ભરત રાજેન્દ્ર ખટીક તથા પકડવાનો આરોપી બેટા નાઓ ત્યાં વોચ તપાસમાં રહી લુંટ કરવાની કોશીષ કરી વેપારી દુકાનદારને દેશી હાથ બનાવટના તમંચાથી ડરાવી લુંટ કરવાની કોશીશ કરેલ પરતું બુમાબુમ થતા ભાગી ગયેલ હોવાનુ જણાવતા સદરી વરાછા પો.સ્ટે. એ પાર્ટ ફરીયાદ નં. ૧૧૨૧૦૦૬૦૨૨૨૨૭૭/૨૦૨૨ ધી ઇ.પી.કો. કલમ ૩૯૩ વિગેરે મુજબના ગુન્હામાં સંડોવાયેલ હોવાથી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

સદરી પકડાયેલ આરોપીઓ પાસેથી મળી આવેલ પલ્સર મો.સા.નં. GJ-05-PJ-2128 બાબતે સખ્તાઇથી પુછપરછ કરતા પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી અમન સુનેરીલાલ ખટીક નાઓએ જણાવેલ કે આજથી લુંટ કરવાની કોશીષ કરેલ તેના અઠવાડીયા પહેલા હું તથા અંકિત જાટવ નાઓએ વિજયનગર વેડરોડ કતારગામ ખાતેથી મો.સા. ની ચોરી કરેલ હોવાની હકિકત જણાવતા હોવાથી સદર બાબતે ઇ કોપની માધ્યમથી ચેક કરતા પકડાયેલ પલ્સર મો.સા.નં. GJ-05-PJ-2128 ની ચોકબજાર પો.સ્ટે. ફરીયાદ નં. ૧૧૨૧૦૦૧૨૨૨૧૦૫૬/૨૦૨૨ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોઇ જે ગુનો ડીકટેક થયેલ છે

પકડાયેલ આરોપીઓના નામ :-(૧) અમન સુનેરીલાલ ખટીક ઉ.વ.૨૪ ધંધો-હીરા મજુરી (૨) વિજય પ્રભુદયાલ ખટીક ઉ.વ.૨૩ ધંધો-હીરા મજુરી (૩) રમણ સુનેરીલાલ ખટીક ઉ.વ.૨૦ ધંધો-હીરા મજુરી (૪) ભરત રાજેન્દ્ર ખટીક ઉ.વ.૨૨ ધંધો-હીરા મજુરી

તમામ રહે-રામકૃષ્ણ કોલોની ભરવાડ ફળીયુ, મુન્નાભાઈ હનુભાઈ મીર (ભરવાડ) ના મકાનમાં ત્રીજા માળે, કાપોદ્રા, સુરત શહેર મુળવતન મુરૈના મધ્યપ્રદેશ

શોધી કાઢેલ ગુનાની વિગત:-(૧) વરાછા પોલીસ સ્ટેશન એ પાર્ટ ફરીયાદ નં. ૧૧૨૧૦૦૬૦૨૨૨૨૭૭/૨૦૨૨ ધી ઇ.પી.કો. કલમ ૩૯૩, ૩૯૮, ૧૧૪, ૧૨૦(બી) મુજબ તથા ધ આર્મ્સ એકટ કલમ ૨૫(૧)એ,૨૭(૧),(૨) તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ(૨) વરાછા પોલીસ સ્ટેશન ફરીયાદ નં. ૧૧૨૧૦૦૬૦૨૨૨૨૮૮/૨૦૨૨ ધ આર્મ્સ એકટ કલમ ૨૫(૧)એ,૨૫(૧-બી) (એ), ૨૭(૧),(૨) તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ (૩) ચોકબજાર પો.સ્ટે. ફરીયાદ નં. ૧૧૨૧૦૦૧૨૨૨૧૦૫૬/૨૦૨૨ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

કબ્જે કરેલ મુદ્દામાલની વિગત:-(૧) દેશી હાથ બનાવટનો તમંચો નંગ- ૧ કિંમત રૂ. ૫,૦૦૦/- (૧) કાર્ટીઝ નંગ-૮ કિંમત રૂ. ૪૦૦/- (૩) ગન પાઉડર આશરે દોઢ કિલો જેની કિંમત રૂ. ૫૦૦/- (૪) રમકડાની ગેસવાળી સ્ટાર્ટર/પિસ્તોલ નંગ-૨ કિંમત રૂ. ૦૦/- (૫) બેગ-૧ કિંમત રૂ.૦૦ (૬) મોબાઇલ નંગ-૪ કિંમત રૂ. ૧૩,૦૦૦/- (૭) પલ્સર મો.સા.નં. GJ-05-PJ-2128 નંગ- ૧ કિંમત રૂ. ૮૦,૦૦૦/- મળી કુલ્લે કિંમત રૂ. ૯૮,૯૦૦/-